# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-09-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## વરસાદ:

**હવામાન વિભાગની આગાહી વચ્ચે જીલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ નોંધાયો છે.ત્યારે જીલ્લા કંન્ટ્રોલરૂમમાંથી મળેલી માહિતી પ્રમાણે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી રાપરમાં 52 મિલમીટર, ભચાઉ 19,ગાંધીધામ 8, ભુજ અને અંજાર 7-7, નખત્રાણા 6,મુંદરા 4 મિલીમીટર વરસાદ નોંધાયો છે. પ્રસ્તુત છે એક અહેવાલ.....**

*(વોઈસકાસ્ટ)*

*બંગાળની ખાડીમાં સર્જાયેલ સિસ્ટમ દક્ષિણ રાજસ્થાનથી પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધીને 'ડિપ્રેશન'માં પરિવર્તિત થતા ઉત્તર ગુજરાતના જિલ્લાઓની સાથે કચ્છમાં પણ ત્રણ દિવસ વ્યાપક વરસાદની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ અંગે હવામાન વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે કહ્યું કે, આગામી ૨૪ કલાકમાં બનાસકાંઠા, કચ્છ, મહેસાણા અને પાટણમાં છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.*

*(બાઈટ...)*

*દરમ્યાન, કચ્છના વાગડ વિસ્તારમાં આજે પણ ભારે વરસાદ નોંધાયો છે. રાપર અને ભચાઉ તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં 5થી 6 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. માંડવી અને અબડાસા સિવાયના તમામ તાલુકા મથકે વરસાદ પડ્યો છે.*

*ભારે વરસાદની આગાહીને પગલે કચ્છનું વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. જીલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડી ડેમ, કોઝ-વે અને પાપડી જેવા પાણી ભરાતા વિસ્તારોમાં જવાનું ટાળવા અનુરોધ કર્યો છે. અધિકારી-કર્મચારીઓને હેડક્વાર્ટર ન છોડવાના આદેશ આપવામાં આવ્યા છે.*

*નગરપાલિકા કક્ષાએ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. માંડવી નગરપાલિકાએ કર્મચારીઓને વિશેષ ફરજ સોંપી છે.*

*ભારે વરસાદની આગાહીના પગલે દરિયામાં મોજા ઉછળવાની શક્યતાને કારણે માછીમારોને આગામી 10 સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.*

*દરમ્યાન, નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખીને સાવચેતીના પગલા રૂપે જીલ્લાના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં જવા પર રોક લગાવવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.*

*બંદરીય શહેર માંડવીના બીચ પર સહેલાણીઓની અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.*

*આજે સવારથી જ માંડવી બીચ પર પોલીસનો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે અને બીચ પર આવતા લોકોને પરત મોકલી દેવામાં આવી રહ્યા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બીચની તમામ પ્રવૃત્તિઓ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી છે.*
*(અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર, ભુજ)*

**રાપર તાલુકાના  ખેંગારપર ગામના શ્રોતામિત્ર મહાદેવભાઈ આહિરે જણાવ્યુ કે  છેલ્લા બે દિવસથી  વરસાદી માહોલ વચ્ચે વરસાદ વરસી રહ્યો છે.**

---

## મોટા યક્ષનો મેળો:

**મીની ત્તરણેતર સમાન કચ્છના મોટા યક્ષના મેળાનો આજ થી વીધીવત પ્રારંભ થયો છે. જિલ્લા પંચાયત પ્રમુખ જનક સિંહ જાડેજા, ધારાસભ્ય પ્રધુમાનસિંહ જાડેજા, અનિરુદ્ધ દવે સહીતની હાજરીમાં ચાર દિવસ ચાલનારા મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ મેળામાં કચ્છની ભાતીગળ સંસ્કૃતિના દર્શન થયા હતા. સ્થાનકના વિકાસ માટેની પ્રતિબંધતા વ્યકત કરાઈ હતી.**

---

## રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા માટે ગ્રામસભાનું આયોજન:

**અબડાસા તાલુકાના સરહદી વિસ્તારમાં રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા માટે છછી અને ખુઅડા ગામોમાં વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં દરિયાઈ વિસ્તારમાં થતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પશ્ચિમ કચ્છ પોલીસ, સ્ટેટ આઈબી, એસઓજી અને મરીન કમાન્ડો ફોર્સના સંયુક્ત પ્રયાસથી યોજવામાં આવ્યો હતો.**

---

## માતાના મઢ ખાતે વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક :

નવરાત્રીનો પ્રારંભ આગામી 22 સપ્ટેમ્બરથી થવાનો છે. ત્યારે દર વર્ષે મોટી સંખ્યામાં યાત્રાળુઓ માતાનામઢ ખાતે દર્શનાર્થે આવતા હોવાથી તેમને કોઈ અગવડ ન પડે તે હેતુસર વિવિધ વિભાગોના અધિકારીઓની  બેઠક યોજાઈ હતી.

વહીવટી તંત્ર દ્વારા,યાત્રાળુઓની સલામતી માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે, જેમાં 2 ડીવાયએસપી, 6 પીઆઈ, 31 પીએસઆઈ, 480 પોલીસ, હોમગાર્ડ અને ગ્રામરક્ષક દળના જવાનો તૈનાત રહેશે.

સ્વચ્છતા, આરોગ્ય અને વીજ પુરવઠો જાળવવા વધારાની ટીમોની નિમણૂંક કરવામાં આવી છે. 108 ઈમર્જન્સી સેવા સાથે આરોગ્ય ટીમ ઉપલબ્ધ રહેશે.

---------------------------------------------------------------------------------------------

## નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ 3ની પરીક્ષા:

ભુજ, ખાતે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજાયેલી નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ 3 (દિવ્યાંગ ખાસ ભરતી)ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

આ પરીક્ષામાં 1884 ઉમેદવારો હાજર રહ્યા હતા જ્યારે 537 ઉમેદવારો ગેર હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## આદિપુર ગ્રામ્ય પોલીસ ચોકીનું લોકાર્પણ:

ગાંધીધામના શિણાય પાસે રમાડા ત્રણ રસ્તા પર આદિપુર ગ્રામ્ય પોલીસ ચોકીનું ધારાસભ્ય અને પૂર્વ કચ્છ પોલીસવડાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસગે ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, વધતા જતા વિસ્તારને ધ્યાનમાં રાખી કાયદો વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ ચોકીઓ અતિ જરૂરી છે.

---------------------------------------------------------------------------------------------